# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **વસ્તુ કર દરના ઘટાડા સાથે આજે દેશભરમાં બચત ઉત્સવનો પ્રારંભ.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસના રાજ્યના પ્રવાસ દરમિયાન વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે.**
3. **મા અંબાના આરાધનના પર્વ એવા નવરાત્રીના પર્વનો આરંભ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવનો આરંભ કરાવશે.**
4. **રાજ્યમાં બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.**
5. **દુબઇમાં એશિયા કપ ટી-20 ક્રિકેટમાં ભારતનો પાકિસ્તાન સામે છ વિકેટે વિજય.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ADDRESS

આગામી પેઢીના GST ફેરફાર આજે નવરાત્રિના પહેલા દિવસથી અમલમાં આવી ગયો છે. રાષ્ટ્રને સંબોધતા આજે શ્રી મોદીએ કહ્યું , વસ્તુ અને સેવા કર- GST બચત ઉત્સવ બાદ લોકો ઓછી કિંમતે પોતાની પસંદગીની વસ્તુઓ ખરીદી શકશે. આ ફેરફાર સાથે રાષ્ટ્રની વિકાસગાથા બદલાઈ જશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

## (BYTE: PM NARENDRA MODI)

શ્રી મોદીએ કહ્યું , યુવાન, મધ્યમ વર્ગ , ખેડૂતો, મહિલાઓ અને ઉદ્યમીઓને બચત ઉત્સવથી લાભ થશે. દરેક રાજ્ય રાષ્ટ્રની વિકાસયાત્રામાં એક સમાન ભાગીદાર થશે. પ્રધાનમંત્રીએ GST ફેરફાર, બચત ઉત્સવ અને નવરાત્રિ અંગે દેશવાસીઓને શુભેચ્છાઓ પણ પાઠવી.

પ્રધાનમંત્રીએ કહ્યું, તેમની સરકાર નાગરિક દેવો ભવઃ ના મંત્ર સાથે આગળ વધી રહી છે. તેમણે કહ્યું , ભારતમાં ઉત્પાદન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે સુક્ષ્મ , લઘુ અને મધ્યમ ઉદ્યમીઓને સારી ગુણવત્તાની વસ્તુઓનું ઉત્પાદન કરવા આગ્રહ કર્યો.

---

# AMIT SHAH – SURAT VISIT

ગઇકાલે રાત્રીથી સુરત પહોંચેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના સુરત અને અમદાવાદ સહિતના વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા સહિતના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

આ પ્રવાસ દરમિયાન શ્રી શાહ અમદાવાદ અને ગાંધીનગરમાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે.

શ્રી શાહ આજે સુરત અને રાજકોટ ના કાર્યક્રમોમાં હાજરી આપશે. આજે સવારે તેઓ સુરત ખાતે નિર્માણ પામનાર ઇસ્કોન વરાછા મંદિરનું ભૂમિપૂજન કરશે. બપોરે શેઠ શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી પૌષધશાળા ખાતે ગચ્છાધિપતિ પરમ પૂજ્ય શ્રી વિજય અભયદેવ સુરીશ્વરજી મહારાજના દર્શન કરશે.

ત્યારબાદ અમદાવાદના જોધપુર તથા સરખેજમાં નવરાત્રીના કાર્યક્રમમાં સહભાગી થશે.

આવતીકાલે તેઓ ગાંધીનગરમાં વિવિધ 11 સ્થળોએ કાર્યક્રમમાં હાજરી આપશે . જેમાં ઈફ્કો ખાતે એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ તેમજ ગાંધીનગર, માણસા અને કલોલના વિવધ કાર્યક્રમમાં ભાગ લેશે. ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે બેઠક કરશે. તેઓ ગાંધીનગરમાં ગટર અને પાણીના કામોની અને અમદાવાદમાં ટ્રંક લાઈનના કામોની સમીક્ષા કરશે. શ્રી શાહ સ્ટાર્ટ કોંકલેવ સહિત વિવિધ કાર્યક્રમો માં હાજરી આપશે તથા નવરાત્રી નિમિત્તે માણસામાં કુળદેવીના દર્શન કરશે

---

## NAVRATRI

વિશ્વના સૌથી લાંબા ગરબા ઉત્સવ નવરાત્રીનો તહેવાર આજથી શરૂ થઈ રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવનું ઉદ્ઘાટન કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સાંજે તેમના લોકસભા મતવિસ્તાર ગાંધીનગરમાં વિવિધ રાસ ગરબા ઉજવણીમાં ભાગ લેશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે , રાજ્યના તમામ શહેરોમાં નવરાત્રિના ઉત્સવની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવે છે. શારદીય નવરાત્રીના પહેલા દિવસે , રાજ્યના પ્રખ્યાત દેવી મંદિરો અંબાજી મંદિર , પાવાગઢમાં મહાકાલી મંદિર અને કચ્છમાં માતાના મઢ મંદિરમાં ભક્તો મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે.

(વોઇસ કાસ્ટ – નિકિતા શાહ)

આજથી રાજ્યભરમાં રાસ ગરબા ઉજવણી સહિત ધાર્મિક કાર્યક્રમો કાર્યક્રમો શરૂ થઇ ગયા છે. . નવ દિવસ ચાલનારા આ ઉત્સવમાં દેવી દુર્ગાના નવ અવતારોની પૂજા કરવામાં આવે છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કાર્યાલય , સોસાયટી, દુકાન અને સામાજિક સંસ્થાઓ રંગબેરંગી રોશનીથી જગમગી રહ્યા છે.

આજથી અમદાવાદ , સુરત અને વડોદરા જેવા મોટા શહેરોમાં પાર્ટી પ્લોટ ગરબાના આવજથી ગુંજાયમાન થશે. નવરાત્રીને ધ્યાને રાખીને રાજ્ય પોલીસ દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગરબાના સ્થળે મહિલા સુરક્ષા દળોને તૈનાત કરવામાં આવ્યા છે.

શક્તિપીઠ અંબાજી મંદિરમાં આસો સુદ એકમ ના પ્રથમ નોરતે સવારે મંગલા આરતી તથા ઘટ સ્થાપન વિધિ કરવામાં આવશે. મંદિરના ચાચર ચોકમાં ગરબા નું આયોજન કરવામાં આવ્યું છે.

કચ્છમાં આવેલ માતાના મઢ આશાપુરા મંદિરે ઘટ સ્થાપના સાથે આસો નવરાત્રી નો પ્રારંભ થયો છે.

**નિકિતા શાહ, આકાશવાણી સમાચાર અમદાવાદ**

# NAVRATRI RULES

**નવરાત્રીનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગરબા આયોજકો માટે કેટલીક શરતો અને સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. જેમાં ગરબા કાર્યક્રમો જાહેર જનતાને અડચણરૂપ ના થાય તેવી જગ્યાએ થાય તેની તકેદારી રાખવી, એન્ટ્રી અને એકઝીટ ગેટોની સંખ્યા વધુમાં વધુ રાખવી , દરેક ગેટ પર CCTV કેમેરા લગાવવા, ગરબાના સ્થળે કોઈપણ વ્યક્તિ ધુમ્રપાન ન કરે અને પૂરતા પ્રમાણમાં પાર્કિંગ વ્યવસ્થ સહિતના સૂચનોનો સમાવેશ થાય છે.**

---

# SURAT EXTRA ST BUS

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ- GSRTC દ્વારા દિવાળીના તહેવારમાં સુરતથી એક હજાર 600 જેટલી વધારાની બસનું સંચાલન કરાશે. 16 થી 19 ઑક્ટોબર સુધી સાંજે ચારથી રાત્રે 10 વાગ્યા સુધી આ બસ ઉપડશે , તેમ વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું.

**(BYTE: HARSH SANGHAVI)**

---

# NAMO YUVA RUN

જામનગર ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા નશામુક્ત ભારત અભિયાન હેઠળ જામનગરમાં નમો યુવા રન યોજવામાં આવી હતી આ દોડમાં કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ સાંસદ પૂનમ માડમ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નશામૂકત ભારત અભિયાન અંતર્ગત યોજાયેલી આ દોડમાં સાંસદ પૂનમબેન માડમ સહિત ધારાસભ્યોએ પણ દોડમાં ભાગ લઈ શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થતા નશા મુક્તિ અંગે જનજાગૃતિનો સંદેશો આપ્યો હતો,

## બાઈટ : પૂનમબેન માડમ (સાંસદ જામનગર )

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા આગામી 2 દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી 48 કલાક દરમિયાન થન્ડરસ્ટ્રોમની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યમાં આગામી 48 કલાક ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, 30 થી 40 કિલોમીટર ની ઝડપે પવન ફૂંકાશે.

## બાઈટ- પ્રદીપ શર્મા

આજે સવારે છ વાગે પૂરા થતાં ચોવીસ કલાકમાં રાજ્યમાં 66 તાલુકાઓમં વરસાદ વરસ્યો છે જેમાં દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસ્યો છે. ડાંગના

આહવામાં સૌથી વધુ બે ઇંચ કરતાં વધુ જ્યારે ભાવનગરમાં પોણા બે ઇઁચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો.

---

## CRICKET-ASIA CUP WIN

એશિયા કપના સુપર 4 તબક્કામાં ગઈકાલે ભારતે પાકિસ્તાનને છ વિકેટથી હરાવ્યું છે.

ગઈકાલે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં પહેલા બેટિંગ કરતા પાકિસ્તાને ભારતને જીત માટે 172 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. 172 રનના લક્ષ્યનો પીછો કરતાં ઓપનર અભિષેક શર્મા અને શુભમન ગિલની શાનદાર બેટીગ સાથે ભારતે સાત બોલ બાકી રહેતા વિજય મેળવ્યો. અભિષેક શર્માએ 42 બોલમાં 74 રન શુભમન ગિલે ૪૭ રન બનાવ્યા હતા.

આ જીતથી ભારતના નેટ રન રેટમાં સુધારો થયો છે

---

## CHALO JEETE HAI REVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત ફિલ્મ "ચલો જીતે હૈ" રાજ્યભરના સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે.

શ્રી મોદીના જીવનની બાળપણની ઘટનાઓથી પ્રેરિત આ ફિલ્મની દર્શકો પ્રશંસા કરી રહ્યા છે. અમદાવાદના એક દર્શકે આ ફિલ્મ અંગે પ્રતિભાવ આપ્યો.

## (BYTE: VIEWER)

---